# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એફ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 2)

તા.26-02-2024 આધુનિક વાણિજ્ય વ્યવસ્થા - ૨ સમય : 11.00 થી 1.00

ગુણ : 50

---

**પ્રશ્ન.૧. નીચેના પ્રશ્નોનાં ટુકમાં જવાબ આપો.** (૧૦)

૧. પ્રેરણાનો અર્થ સમજાવો

૨. હર્ઝબર્ગનાં સિધાંતની મર્યાદા જણાવો.

૩. માહિતી સંચારનો અર્થ સમજાવો.

૪. અંકુશનો અર્થ સમજાવો.

૫. સમતૂટબિંદુનું સૂત્ર જણાવો.

૬. ઈવેન્ટ સંચાલન એટલે શું ?

૭. પરિવર્તન સંચાલન એટલે શું ?

**પ્રશ્ન.૨.** માસ્લોનો અભિપ્રેરણનો સિદ્ધાંત ટીકાઓ સહીત સમજાવો. (૧૪)

**(અથવા)**

**(અ)** માહિતી સંચાર જાળનાં પ્રકારો સમજાવો. (૦૭)

**(બ)** માહિતી સંચારનાં પ્રકારો સમજાવો. (૦૭)

**પ્રશ્ન.૩.** શૂન્ય આધારીત અંદાજપત્ર એટલે શું ? તેના ફાયદા અને મર્યાદા સમજાવો. (૧૪)

અથવા

**(અ)** ઈવેન્ટ સંચાલનનાં તત્વો સમજાવો. (૦૭)

**(બ)** પરિવર્તન સંચાલનનું મહત્વ સમજાવો. (૦૭)

**પ્રશ્ન૪ (અ) નીચેના બે પ્રશ્નોમાંથી ગમે તે એક લખો.** (૦૬)

(૧) પર્ટ પદ્ધતિ

(૨) સમતૂટ વિશ્લેષણની ધારણાઓં

Scanned with OKEN Scanner

(બ) કેસસ્ટડી:- (૦૬)

ધી મોનીલ આર્ટ સિલ્ક મેન્યુફેક્ચરિંગ કંપની લિ. G.I.D.C. સચીનમાં આવેલી જાહેર કંપની છે. જે આર્ટ સિલ્ક કાપડની ઘણી વેરાયટી તૈયાર કરીને વેચે છે. કંપની પાસે અદ્યતન સ્પિનિંગ, વિવિંગ અને પ્રોસેસિંગ વિભાગ છે.

વિવિધ વિભાગમાં આવેલી નવ નંબરની લુમ્સ પર અકસ્માત થાય છે. પહેલી પાળીના કામદાર શ્રી મોહનના હાથને ગંભીર ઈજા થાય છે. બીજી પાળીમાં આવેલા બીજી કામદાર શ્રી રોહનને એવો જ અકસ્માત થતાં હાથ પર ગંભીર પ્રકારની ઈજા થાય છે.

વિવિંગ વિભાગના નિષ્ણાત શ્રી કૃણાલને બોલાવીને યંત્રની તપાસ કરાવાય છે. યંત્રમાંથી ચાર ખામીઓ શોધી કઢાય છે અને તે ચાર ખામીઓ તાત્કાલિક સુધારી લેવામાં આવે છે. નિષ્ણાત શ્રી કૃણાલને દ્વારા જણાવાય છે કે અકસ્માતની હવે કોઈ જ શક્યતા નથી.

પરંતુ વિવિંગ વિભાગના કોઇ જ કામદારોને શ્રી કૃણાલને વાતમાં શ્રદ્ધા બેસતી નથી અને ત્રીજી પાળીમાં આવેલા કામદારો શ્રી ભાવિકની આગેવાની હેઠળ એ યંત્ર પર કામ કરવાની ના પાડે છે.

ધી મોનીલ આર્ટ સિલ્ક મેન્યુફેકચરિંગ કંપની લિ.ના વિવિંગ વિભાગમાં ઉદ્ભવેલો આ પ્રશ્ન શું ?

(૧) નેતૃત્વનો પ્રશ્ન છે?

(૨) શિસ્તનો પ્રશ્ન છે?

(૩) માહિતીસંચારનો પ્રશ્ન છે?

(૪) ઉત્પાદન ઘટાડાનો પ્રશ્ન છે? શા માટે ? તમારાં સૂચનો જણાવો.

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એફ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 2)

તા.27-02-2024 — નાણાકીય હિસાબી પદ્ધતિ - ૨ — સમય : 11.00 થી 1.00

ગુણ : 50

---

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** (૧૦)

**(૧) નીચેની માહિતી પરથી આડતમાલનો છેવટનો સ્ટોક શોધો :** (૩)

૪૦૦ રેડિયો આડતથી વેચવા મોકલેલ. માલધણીએરૂ. ૬,૦૦૦ તથા આડતિયાએ રૂ.૩,૦૦૦ નો ખર્ચ કરેલ. જો આખરનો સ્ટોક ૬૮ રેડિયોનો હોય તો આખર સ્ટોકની કિંમત શોધો. રેડિયોની પડતર કિંમત એકમદીઠ રૂ. ૫૦૦ તથા વેચાણકિંમત રૂ. ૬૫૦ છે.

**(૨) તા. ૦૧-૦૧-૨૦૧૯ના રોજ વિજયે અશોક પાસેથી એક યંત્ર ભાડા ખરીદ પદ્ધતિએ ખરીદ્યુ. કિંમત નીચે મુજબ ચૂકવવાની હતી :** (૩)

તા. ૦૧-૦૧-૨૦૧૯ .................. રૂ. ૧૧,૦૦૦

તા. ૩૧-૧૨-૨૦૧૯ .................. રૂ. ૧૩,૨૦૦

તા. ૩૧-૧૨-૨૦૨૦ .................. રૂ. ૧૨,૧૦૦

યંત્રની રોકડ કિંમત અને દરેક હપતામાં સમાયેલ વ્યાજની રકમ શોધો.

**(૩) નીચેના પૈકી કયા ધંધામાં સંયુક્ત સાહસ કરી શકાય?** (૨)

| | |
|---|---|
| ૧. રમકડાંની ફેક્ટરી | ૨. સિમેન્ટ ફેક્ટરી |
| ૩. મકાન બાંધકામનો કરાર | ૪. ફિલ્મ વિતરણનો ધંધો |
| ૫. ખાંડની મિલ | ૬. ફર્નિચર શોપ |

(૪) માલધણીએ આડતિયા પર તા. ૦૧-૦૧-૧૨ ના રોજ લખેલી ત્રણ માસની મુદતની હૂંડી બેંકમાં રૂ. ૨૪,૩૦૦ વટાવથી વટાવી. વટાવનો દર માસિક ૦.૯૦% લેખે છે. માલધણીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**પ્ર. ૨. નીચે આપેલી માહિતી પરથી તા-૩૦-૦૬-૨૦૨૨ના રોજ પૂરા થતા વર્ષ માટે માલધણી વિશાલના ચોપડે આડતમાલ ખાતું અને આડતિયા વિષ્ણુનું ખાતું તૈયાર કરો.** (૧૪)

૧. વલસાડના વિશાલે બારડોલીના વિષ્ણુને તા. ૦૧-૦૭-૨૦૨૧ ના રોજ ભરતિયા કિંમતે માલ મોકલ્યો, ભરતિયા કિંમત પર ૨૦% નફો ચઢાવીને કાચું ભરતિયું તૈયાર કરવામાં આવે છે.

૨. વિશાલે માલ મોકલતાં નૂર અને વીમાના રૂ. ૫,૦૦૦ ચૂકવ્યા હતા.

Scanned with OKEN Scanner

૩. તા. ૦૧-૦૭-૨૦૨૧ના રોજ વિશાલે વિષ્ણુ પર રૂ. ૩,૦૦,૦૦૦ની ત્રણ માસની મુદતની હૂંડી લખી હતી,જે વિષ્ણુએ સ્વીકારીને તરત જ પરત કરી હતી. વિશાલે આ હૂંડી તા. ૦૪-૦૮-૨૦૨૧ના રોજ બેંકમાં વાર્ષિક ૧૦%ના દરે વટાવી.

૪. રસ્તામાં સંપૂર્ણ નાશ પામેલ માલની ભરતિયા કિંમત રૂ. ૬૨,૫૦૦ હતી, જે પૈકી વીમા કંપનીએ રૂ. ૪૫,૦૦૦નો દાવો મંજૂર કર્યો.

૫. વિષ્ણુએ માલ ઉતારવાના રૂ. ૨,૫૦૦ જાહેરાતના રૂ. ૧૫૦૦, માલ ગોડાઉનમાં લાવવાના રૂ. ૨,૨૫૦ અને વેચાણ ખર્ચના રૂ. ૩,૦૦૦ ચૂકવ્યા.

૬. વર્ષના અંતે વિષ્ણુ પાસે વેચાયા વગરના માલનો સ્ટોક ભરતિયા કિંમત રૂ. ૧,૫૦,૦૦૦ હતી.

૭. રૂ. ૩૭,૫૦૦ ની ભરતિયા કિંમતનો માલ વેચી શકાય તેવો ન હોવાથી પરત કર્યો, જે માટે રૂ. ૨,૫૦૦ ખર્ચ થયો

૮. વિષ્ણુ ૫% લેખે સામાન્ય આડત અને ૧% લેખે આસામી આડત મેળવવા હકદાર છે. આ ઉપરાંત તેને ચોખ્ખા નફાના ૧૦% લેખે (કમિશન અને નફાનો ભાગ બાદ કર્યા બાદ)નફામાં ભાગ પણ આપવાનો છે. વિષ્ણુને સામાન્ય આડત રૂ. ૬૨,૫૦૦ ચૂકવવાની થઇ. રોકડ અને ઉધાર વેચાણનું પ્રમાણ ૧ : ૩ છે.

૯. ઉધાર વેચાણ પૈકી એક ગ્રાહક જેને રૂ. ૫૦,૦૦૦નો માલ ઉધાર વેચવામાં આવ્યો હતો. (વિશાલની ભલામણથી) તે નાદાર જાહેર થયો, તેની પાસેથી ૮૦% રકમ વસૂલ થઇ શકી.

૧૦. વિષ્ણુએ બધું વેચાણ ભરતિયા કિંમત પર ૨૫% નફો ચઢાવીને કરેલ હતું.

**(અથવા)**

**પ્ર-૨.** રવિ અને કવિ બંને એક ડેમ બાંધવાના સંયુક્ત સાહસમાં જોડાયા. આ માટે તેઓએ સંયુક્ત બેન્કમાં ખાતું ખોલાવ્યું, જેમાં રવિએ રૂ ૧૫,૦૦,૦૦૦ અને કવિએ રૂ ૧૮,૦૦,૦૦૦ જમાં કરાવ્યા. (૧૪)

કરાર કિંમત રૂ ૬૦,૦૦,૦૦૦, જે પૈકી ૭૦% રકમ રોકડમાં મળશે અને બાકીની રકમ ડિબેન્ચર સ્વરૂપે મળશે.

નીચે આપેલ ખર્ચાઓ બેન્ક મારફતે ચૂકવાય છે:

| | |
|---|---|
| માલસામાન | રૂ. ૨૧,૦૦,૦૦૦ |
| મજૂરી | રૂ. ૯,૦૦,૦૦૦ |
| મેપ ડીઝાઇન | રૂ. ૩,૦૦,૦૦૦ |
| લીગલ ફી | રૂ. ૧,૫૦,૦૦૦ |

Scanned with OKEN Scanner

રવિએ રૂ ૪,૫૦,૦૦૦ નો માલ અંગત રીતે પૂરો પાડેલ છે. કવિ સુપરવાઈઝર તરીકે પણ કામ કરે, તેને કરાર કિંમતના ૨% લેખે વેતન ચૂકવવાનું છે. કામ પૂરું થતાં બાકીનો માલસામાન રવિ રૂા.૧,૫૦,૦૦૦ ની કિંમતે સ્વીકારે છે. કરાર મુજબ રકમ ચૂકવાઈ ગઈ છે. રૂ ૧૮,૦૦,૦૦૦ નાં ડિબેન્ચર બજારમાં વેચતા રૂ ૨૦,૦૦,૦૦૦ ઉપજ્યા છે.

ઉપરોકત માહિતી પરથી તૈયાર કરો:

૧. સંયુક્ત સાહસ ખાતું

૨. ભાગીદારોનાં મૂડી ખાતાં

૩. સંયુક્ત બેન્ક ખાતું

પ્ર-૩. તા- ૦૧-૦૪-૨૦૧૭ના રોજ વિશ્વએ એક યંત્ર નારાયણ ટ્રેડર્સ પાસેથી ભાડા ખરીદ પદ્ધતિથી ખરીદ્યું. કરાર કરતી વખતે ૨૦% રકમ ચૂકવી હતી. અને બાકીની રકમ ચાર વાર્ષિક હપ્તામાં ચૂકવવાની છે : (૧૪)

| | રૂા. |
|---|---|
| પ્રથમ હપતો | ૧,૪૧,૪૦૦ |
| બીજો હપતો | ૧,૨૧,૧૦૦ |
| ત્રીજો હપતો | ૧,૧૫,૫૦૦ |
| ચોથો હપતો | ૧,૩૯,૯૭૩ |

નારાયણ ટ્રેડર્સના ચોપડે તા-૩૧-૦૩-૨૧ના રોજ નીચે મુજબ આમનોંધ હતી.

| | | |
|---|---|---|
| વ્યાજ ખાતે | ઉ. ૧૧,૫૫૭ | |
| તે નફા-નુકસાન ખાતે | | ૧૧,૫૫૭ |

યંત્ર પર ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણવાનો છે.

ઉપરની માહિતી પરથી વિશ્વના ચોપડે યંત્ર ખાતું અને નારાયણ ટ્રેડર્સનું ખાતું તૈયાર કરો તથા નારાયણ ટ્રેડર્સના ચોપડે પ્રથમ વર્ષની આમનોંધ લખો.

**(અથવા)**

પ્ર. ૩ તા. ૦૧-૦૧-૨૦૧૯ના રોજ રીંકુએ ભાડે ખરીદ પદ્ધતિથી મોટરકાર કૃણાલ પાસેથી ખરીદી. તેણે કરાર વખતે રૂ.૧,૩૫,૦૦૦ રોકડા ચૂકવ્યા. બાકીની રકમ દર વર્ષે ૩૧મી ડિસેમ્બરના રોજ વાર્ષિક હપ્તામાં ૯% વ્યાજ સહીત ચૂકવવામાં આવી. રીંકુના ચોપડે કૃણાલનું ખાતું નીચે મુજબ હતું.

Scanned with OKEN Scanner

કૃણાલનું ખાતુ

| તારીખ | વિગત | રૂ. | તારીખ | વિગત | રૂ. |
|---|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૯ | બેંક ખાતે | ૨,૩૨,૨૦૦ | ૩૧-૧૨-૧૯ | મોટરકાર ખાતે | ૧,૩૫,૦૦૦ |
| | | | ૩૧-૧૨-૧૯ | વ્યાજ ખાતે | ૯૭,૨૦૦ |
| | | ૨,૩૨,૨૦૦ | | | ૨,૩૨,૨૦૦ |
| ૩૧-૧૨-૨૦ | બેંક ખાતે | ૨,૬૫,૦૫૦ | ૩૧-૧૨-૨૦ | મોટરકાર ખાતે | ૧,૮૦,૦૦૦ |
| | | | | વ્યાજ ખાતે | ૮૫,૦૫૦ |
| | | ૨,૬૫,૦૫૦ | | | ૨,૬૫,૦૫૦ |
| ૩૧-૧૨-૨૧ | બેંક ખાતે | ૫,૧૮,૮૫૦ | ૩૧-૧૨-૨૧ | મોટરકાર ખાતે | ૪,૫૦,૦૦૦ |
| | | | | વ્યાજ ખાતે | ૬૮,૮૫૦ |
| | | ૫,૧૮,૮૫૦ | | | ૫,૧૮,૮૫૦ |
| ૩૧-૧૨-૨૨ | બેંક ખાતે | (?) | ૩૧-૧૨-૨૨ | મોટરકાર ખાતે | (?) |
| | | | | વ્યાજ ખાતે | ૨૮૩૫૦ |
| | | (?) | | | (?) |

ઉપરની વિગતો પરથી કૃણાલના ચોપડે રીંકુનું ખાતું તૈયાર કરો. તેમજ પ્રથમ બે વર્ષ માટે આમનોંધ લખો.

**પ્ર.૪ ટૂંકનોંધ લખો. (ગમે તે ત્રણ)** **(૧૨)**

(૧) સામાન્ય આડત અને આસામી આડત

(૨) ચોખ્ખું ઉપજવા પાત્ર મૂલ્ય

(૩) આડતમાલના છેવટના સ્ટોકનું મૂલ્યાંકન

(૪) હિસાબી ધોરણ - ૯

(૫) રાશ અને આડતમાલનો તફાવત

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એફ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 2)

ધંધાકીય અર્થશાસ્ત્ર

તા. 28-02-2024 સમય : 11.00 થી 1.00

ગુણ : 25

---

**પ્ર. 1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** (10)

1. ઈષ્ટકદની પેઢી એટલે શું?
2. ઈજારાના લક્ષણો જણાવો.
3. પૂર્ણહરીફાઈ બજારમાં પેઢીની સમતુલાની શરતો જણાવો.
4. મૂડીરોકાણનો પરત ચુકવણીનો સમયગાળો એટલે શું?
5. કિંમતભેદભાવના પ્રકાર જણાવો.
6. વસ્તુવિભિન્નતા એટલે શું? તે કઈ બાબતો પર આધાર રાખે છે?
7. કિંમત જડતાનો અર્થ સ્પષ્ટ કરો.
8. ઈજારયુક્ત હરીફાઈ બજારમાં પેઢીની માંગરેખા કેવી હોય છે?
9. નવપ્રવર્તન અને શોધખોળ વચ્ચેનો તફાવત શો છે?
10. મૂડી અંદાજપત્ર એટલે શું?

**પ્ર. 2.** પૂર્ણ હરીફાઈવાળા બજારમાં પેઢીની ટૂંકાગાળાની સમતુલા આકૃતિ સહિત સમજાવો. (14)

અથવા

**પ્ર. 2.** મૂડીની વ્યાખ્યા આપી મૂડી પુરવઠાના આંતરિક અને બાહ્ય સ્રોતોની સવિસ્તર ચર્ચા કરો.

**પ્ર. 3.**અલ્પહસ્તક ઈજારાબજારનાં લક્ષણોની ચર્ચા કરી તેની માંગરેખા આકૃતિ સહિત સમજાવો. (14)

અથવા

**પ્ર. 3.** કિંમતભેદભાવ એટલે શું? તે ક્યારે શક્ય અને નફાકારક બને છે? વિગતે સમજાવો.

**પ્ર. ૪ ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** (12)

1. નફા અંગેનો અનિશ્ચિતતાનો સિદ્ધાંત
2. જૂથની સમતુલા
3. વેચાણ ખર્ચ
4. વાસ્તવિક વેતનને અસર કરતા પરિબળો

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એફ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 2)

**તા. 29-02-2024** **Statistics - II** **સમય : 11.00 થી 1.00**

**ગુણ : 25**

---

**પ્ર-1 નીચેના પ્રશ્નોનાં જવાબ આપો** **(10)**

1. સહસંબંધ ના અભ્યાસ માટે ની રીતોજણાવો
2. 10 અવલોકનો ની જોડ પરથી મેડવેલ x ના મધ્યક ની કીમત 21, y ના મધ્યક ની કીમત 22, $\Sigma xy = 4220$, $Sx = 10$ અને $Sy = 12$ હોય તો સહસંબંધાક r ની કીમતશોધો.
3. જો $\bar{x} = 30$, $\bar{y} = 26.5$, $Sx = 6.4$, $Sy = 8$, $r = 0.56$ હોય તો y ની x પરની નિયત સંબંધ રેખા મેડવો.
4. જો 2 × 2 કોષ્ટકહોય તો તેમનો

| | |
|---|---|
| 14 | 7 |
| 12 | 6 |

ગુણાત્મક સંબંધ શોધો.

5. સામાયિક શ્રેણી ના ઘટકો ના નામ જણાવો

**પ્ર-2 (અ) 10 કંપની ઓ ના વેચાણ અને ખર્ચ અંગેની માહિતી પરથી તેમની વચ્ચેનો સહસંબંધ શોધો.** **(05)**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વેચાણ (લાખ માં) | 22 | 27 | 28 | 29 | 30 | 31 | 33 | 35 | 36 | 39 |
| ખર્ચ (લાખ માં) | 18 | 22 | 23 | 24 | 25 | 26 | 28 | 29 | 30 | 32 |

(બ) સ્પિયરમેનર ની ક્રમાંક સહસબંધાક ની રીત સમજાવી. તેના ફાયદા અને મર્યાદા સમજાવો. **(05)**

(અથવા)

(અ) **10** વિદ્યાર્થીઓ એ બે વિષય માં મેળવેલા ગુણ ની માહિતી નીચે મુજબ છે. તેના પરથી ક્રમાંક સહસંબંધ ની રીતે સહસંબંધશોધો. **(05)**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગણિત ના ગુણ | 23 | 27 | 29 | 32 | 13 | 29 | 19 | 31 | 42 | 29 |
| આંકડાશાસ્ત્ર ના ગુણ | 18 | 25 | 27 | 35 | 8 | 15 | 17 | 30 | 38 | 25 |

Scanned with OKEN Scanner

(બ) સહસંબંધના અભ્યાસ માટે ની વિકીર્ણ આકૃતિ ની રીત સમજાવો. (05)

પ્ર-3 (અ) નિયત સબંધાક ના ગુણધમીજણાવો. (05)

(બ) નીચેની માહિતી પરથી y ની x પરની નિયત સબંધ રેખા મેળવો તેમજ જો x ની કિંમત 35 હોય તો y ની કિંમત નું અનુમાન કરો. (05)

| X | 46 | 42 | 44 | 40 | 43 | 41 | 45 |
|---|---|---|---|---|---|---|---|
| Y | 40 | 38 | 36 | 35 | 39 | 37 | 41 |

(અથવા)

(અ) એક પરીક્ષા ના પરિણામ પરથી નીચે મુજબ ના પરિણામો મળે છે. (05)

| | ગણિત ના ગુણ (x) | અંગ્રેજી ના ગુણ (y) |
|---|---|---|
| મધ્યક | 39.5 | 47.5 |
| પ્રમાણિત વિચલન | 10.8 | 16.8 |
| x અને y વચ્ચેનો સહસબંધ | 0.42 | |

આ માહિતી પરથીં બંને નિયત સંબંધ રેખાઓ મેળવો. તેમજ x = 50 હોય ત્યારે y નું અને y = 30 હોય ત્યારે x નું અનુમાન કરો.

(બ) ગુણાત્મક સંબંધ એટ્લે શું ? તેના પ્રકાર સમજાવો. (05)

પ્ર-4 (અ) સામાયિક શ્રેણી ના અભ્યાસ માટે ની રીતો જણાવી ચલિત સરેરાશ ની રીત નું વર્ણન કરો. (05)

(બ) નીચની માહિતી પરથી પાંચ વર્ષીય ચલિત સરેરાશ ની રીતે વલણ કિંમતોશોધો અને ટૂંકા ગાળા ના ચલનોનું અનુમાન કરો. (05)

| વર્ષ | 1990 | 1991 | 1992 | 1993 | 1994 | 1995 | 1996 |
|---|---|---|---|---|---|---|---|
| વેચાણ | 200 | 194 | 181 | 178 | 202 | 247 | 258 |
| વર્ષ | 1997 | 1998 | 1999 | 2000 | 2001 | 2002 | 2003 |
| વેચાણ | 218 | 196 | 201 | 203 | 191 | 189 | 203 |

(અથવા)

Scanned with OKEN Scanner

પ્ર-4 નીચની માહિતી બે કોલેજોમાથી મેળવેલાનિદશી અંગેની છે. (10)

| | કોલેજ A | કોલેજ B |
|---|---|---|
| કુલ વિદ્યાર્થીઓ | 100 | 120 |
| સફળ વિદ્યાર્થીઓ | 60 | 90 |
| નિયમિત વિદ્યાર્થીઓ | 30 | 60 |
| સફળ અને અનિયમિત વિદ્યાર્થીઓ | 40 | 40 |

આ માહિતી પરથી બંને કોલેજો માટે સફળતા અને નિયમિતતા વચ્ચેનો ગુણાત્મક સંબંધાકયુલ ની રીતે શોધો.

પ્ર-5 (અ) ગુણાત્મક સંબંધ ના અભ્યાસ માટે ની યુલ ની રીત સવિસ્તાર વર્ણવો. (05)

(બ) નીચની માહિતી પરથી ત્રણ વર્ષીય ચલિત સરેરાશ ની રીતે વલણ કિંમતો મેળવી ટૂંકા ગાળા ના ચલનોનું અનુમાન કરો. (05)

| વર્ષ/માસ | સૂચકઆંક | વર્ષ/માસ | સૂચકઆંક |
|---|---|---|---|
| ૨૦૦૫ એપ્રિલ | 265 | 2006 જાન્યુઆરી | 278 |
| મે | 271 | ફેબ્રુઆરી | 271 |
| જૂન | 250 | માર્ચ | 270 |
| જુલાઇ | 241 | એપ્રિલ | 261 |
| ઓગસ્ટ | 245 | મે | 253 |
| સપ્ટેમ્બર | 239 | જૂન | 254 |
| ઓક્ટોમ્બર | 253 | જુલાઇ | 258 |
| નવેમ્બર | 268 | | |
| ડિસેમ્બર | 270 | | |

(અથવા)

Scanned with OKEN Scanner

પ્ર-5 નીચની માહિતી માટે ચાર વર્ષની ચલિત સરેરાશની રીતે વલણ કીંમતો મેળવી અલ્પકાલીન વધઘટનું અનુમાન કરો. **(10)**

| વર્ષ | Q1 | Q2 | Q3 | Q4 |
|---|---|---|---|---|
| 2008 | 46 | 44 | 48 | 42 |
| 2009 | 48 | 58 | 62 | 52 |
| 2010 | 52 | 66 | 60 | 62 |
| 2011 | 66 | 84 | 78 | 72 |

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત

આંતરિક કસોટી, 2023-24

એફ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 2)

તા.01-03-2024

**English :**

**Ability Enhancement Course**

સમય : 11.00 થી 12.00

ગુણ : 25

**Instructions :**

1. Answers to Question number One to be written in Answer book only. Copy question and write down the correct answer.
2. Figures to the right indicate full marks to the question.
3. Indicate clearly the options you attempt.
4. Begin a new question from a new page.

**Q-1 Select the correct options:** **(10)**

1. Who does the King turn to for answers?

(A) hermit (B) god (C) minister (D) none

2. Who is Alf Agar to Billy?

(A) neighbour (B) friend (C) foe (D) None

3. Where did Billy really wished to work in the starting of the story?

(A) loco shed (B) spinning mill (C) cafe (D) none

4. Where did Billy's parents want him to work?

(A) cafe (B) spinning mill (C) loco shed (D) none

5. Give past participle form of "wear".

(A) wore (B) wear (C) worn (D) none

6. Give past participle form of'take'.

(A) taken (B) took (C) take (D) none

7. Select suitable suffix for the word 'strength'

(A) ise (B) fy (C) en (D) none

8. Select suitable suffix for the word "beauty"

(A) fill (B) en (C) ise (D) None of the above

Scanned with OKEN Scanner

9. Select suitable prefix for the word "known".

(A) un (B) a (C) dis (D) none

10. Select suitable prefix for the word 'action'.

(A) dis (B) re (C)un (D) None

11. Larry managed the stokers. Choose the correct passive voice.

(A) The stokers were managed by Larry.

(B) The stokers was managed by Larry.

(C) The stokers is managed by Larry.

(D) None

12. The orders were implemented by us. Choose the correct active voice.

(A) Order implement us. (B) We implement order.

(C) We implemented the orders. (D) None

**Q2. (A) Short answer type questions. (any 2)** **(04)**

1. Why is it important to update one's knowledge ?
2. What are the different sources to acquire knowledge ?
3. What role does a smile play in human communication?
4. How do you understand whether somebody needs help or not?

**(B) Expand the idea/proverb. (any 1)** **(04)**

1 You are never too old to learn.

2 Actions speak louder than words.

**(C) Case study or Real-life experience. (any 1)** **(04)**

1. Recall a moment in your life when you achieved some success or victory. Write your experience.
2. Your teacher tells you to submit your assignment tomorrow. You have to politely request her to allow you to submit the assignment two days later.

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એફ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 2)

AEC

Gujarati proficiency and life Skills 2

તા.01-03-2024

સમય : 11.00 થી 12.00

ગુણ : 25

---

**પ્રશ્ન -૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો (કોઇપણ પાંચ)** (૧૦)

1. કોશ એટલે શું ?
2. વ્યક્તિ કોષ બીજા કયા નામે ઓળખાય છે?
3. રૂઢિપ્રયોગો ભાષામાં શા માટે વાપરવામાં આવે છે?
4. કહેવતનો ઉપયોગથી કોનું સૌંદર્ય વધે છે?
5. ધીરજ થી કામ સારું થાય એવો અર્થ આપતી બે કહેવતો જણાવો.
6. જીવમાં જીવ આવો -રૂઢિપ્રયોગ નો અર્થ આપી વાક્યમાં પ્રયોજો.
7. ગદ્યખંડનું શીર્ષક કેવું હોવું જોઇએ?
8. ગદ્યખંડ ગ્રહણ કરતી વખતે કઇ બાબત ની કાળજી રાખશો ?

**પ્રશ્ન -૨ (અ) નીચે આપેલ કહેવતો સમજાવો (કોઇપણ પાંચ)** (૦૫)

1. ડુંગર દૂરથી રળિયામણા.
2. ચોરનો ભાઇ ઘંટી ચોર.
3. ખાલી ચણો વાગે ઘણો.
4. દૂધનો દાઝેલો છાશ ફૂંકીને પીએ.
5. ખાતર ઉપર દિવેલ.
6. ઝાઝી કીડીઓ સાપ તાણે
7. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ
8. મોરના ઈંડા ચીતરવા ના પડે
9. ડુબતો માણસ તરણું પકડે
10. લગ્નના ગીત લગ્ન ને જ ગવાય

**(બ) નીચે આપેલા રૂઢિપ્રયોગ નો અર્થ આપી વાક્યમાં પ્રયોજો. (કોઇપણ પાંચ)** (૧૦)

1. ખણખોદ કરવું.
2. એક નજર થવી.
3. ટાઢું પાણી રેડવું.
4. જીભ આડી આવવી.
5. ટલ્લે ચડાવવું.
6. ચાર હાથ કરવા
7. ઘડો ફૂટવો
8. ઠોકર ખાવી
9. જળ કમળવત્ રેવું
10. દિલ સાફ હોવું

Scanned with OKEN Scanner

**(ક) ટૂંક નોંધ લખો.** **(૦૫)**

1. કોશ ની ઉપયોગીતા
2. કહેવત ના લક્ષણો

**(અથવા)**

**(ક) આપેલા ગદ્યાર્થગ્રહણ કરીને પૂછેલા પ્રશ્નોના જવાબ લખો ?** **(૦૫)**

જીવતી ભાષા ધબકાર મારતી પ્રાણ વસ્તુ છે. તે નિરંતર બદલાય છે, નિરંતર વિકાસ પામે છે અને તે બોલનારા અને લખનારા લોકોનું પ્રતિબિંબ પાડે છે. તેના મૂળ સમૂહમાં રહેલા છે. તેની ઈમારત ભલે ખોબા જેટલા સંસ્કારની ઘોતક હોય. એટલે આપણે એને ઉપરથી આવતા હુકમો વડે આપણે મુનસફી પ્રમાણે કેવી રીતે બદલી શકીએ? અને છતાં હું એક એવો ખ્યાલ પુષ્કળ ફેલાવો જોઉં છું કે આપણી માત્ર ઈચ્છા કરીએ તો ભાષાને અમુક ઢબે હાલવા ચાલવાની ફરજ પાડી શકીએ. આજના જમાનામાં સમાચાર પત્રો, છાપેલા પુસ્તકો, સિનેમા અને રેડિયો માટે વિશાળ પાયા પર લોકોમાં કેળવણી ફેલાઈ રહી છે અને લોકોમાં પ્રચાર ચાલી રહ્યો છે ,એટલે ભૂતકાળ કરતાં આજે ભાષામાં ફેરફાર ઘણો વધારે ઝડપથી કરી શકાય છે એ વાત સાચી કોઈ ભાષા જો પ્રજા સાથેનો સંપર્ક ગુમાવી બેસે તો તે પોતાની જીવનશક્તિ કોઈ બેસે અને તે ચેતન શક્તિ અને આનંદ ભરેલી હોવી જોઈએ તેને બદલે કૃત્રિમ નિર્જીવ થઈ પડે. કોઈ ભાષાના વિકાસને અમુક દિશાએ બળજબરીથી વાળવાનો પ્રયત્ન થાય ,તો સંભવ છે કે એને પરિણામે એ ભાષા વિકૃત રૂપ ધારણ કરે ને તેનો પ્રાણ કચડાઈ જાય.

**નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો :**

1. લેખક ભાષાને પ્રાણવાન શા માટે કહે છે?
2. કેળવણી નો ફેલાવો કરવામાં મદદરૂપ થતા સાધનો જણાવો.
3. ભાષા જો પ્રજાનો સંપર્ક કોઈ બેસે તો શું થાય?
4. ભાષાને બળજબરીથી વાળવાનો પ્રયત્ન કરવાથી ભાષા પર શી અસર થાય?
5. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એફ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 2)

તા.02-03-2024 SEC - બેન્કિંગ અને વીમાના મૂળતત્ત્વો- 2 સમય : 11.00 થી 12.00

ગુણ : 25

---

**પ્રશ્ન ૧ : નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (કોઇ પણ પાંચ)** **(૧૦)**

(૧) ઈન્ટરનેટ બેન્કિંગ એટલે શું ? ઈન્ટરનેટ બેન્કિંગ થી બેંકને થતા લાભો જણાવો.

(૨) ઈ-કોમર્સ મર્ચન્ટ સાઈટ્સ સાથે કોર્પોરેટ ઈન્ટરનેટ બેન્કિંગ એકીકરણ એટલે શું ?

(૩) RuPay ડેબીટ કાર્ડ્સના પ્રકારો જણાવો.

(૪) NUUP અને NFC નું પૂરું સ્વરૂપ જણાવો.

(૫) E-KYC એટલે શું? તેના ઘટકો જણાવો.

(૬) IMPS થી ગ્રાહકને થતા ફાયદા જણાવો.

(૭) છેતરપીંડી કે ફ્રોડ એટલે શું? મોબાઇલ બેન્કિંગમાં છેતરપીંડી કઈ કઈ રીતે થઈ શકે છે?

**પ્રશ્ન.૨ :** નેશનલ ઓટોમેટેડ ક્લીયરીંગ હાઉસ વિષે વિસ્તૃત ચર્ચા કરી તેની વિશેષતાઓ અને લાભો જણાવો. **(૧૫)**

**(અથવા)**

**(અ)** ઈન્ટરનેટ બેન્કિંગના બેક એન્ડ ઓપરેશનના ઘટંકો અને તેનું ટેકનોલોજીકલ માળખું સમજાવો. **(૦૮)**

**(બ)** મોબાઈલ બેન્કિંગથી મળતી સુવિધાઓ જણાવો. **(૦૭)**

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત

આંતરિક કસોટી, 2023-24

એફ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 2)

તા.04-03-2024 | સમય : 11.00 થી 12.00

ભારતીય મૂલ્ય પરંપરા

ગુણ : 25

---

**પ્ર-1** નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિકલ્પોમાંથી શોધીને સાચો જવાબ લખો. (ગમે તે છ) **(06)**

(1) વાદળી શિયાળ જંગલમાં અન્ય શિયાળને કેમ ટાળતું હતું ?

(A) તે તેમની શક્તિથી ડરતો હતો. (B) તે પોતાનો વેશ જાળવી રાખવા માંગતો હતો.

(C) તે તેમને તેના રાજ્ય માટે અયોગ્ય માનતો હતો.

(D) તેને અન્ય શિયાળનો સંગાથ ગમતો ન હતો.

(2) ત્રણ ધુતારાઓનો હેતુ શું હતો ?

(A) બલિદાનમાં બ્રાહ્મણને મદદ કરવી. (B) બ્રાહ્મણ સાથે તેમનો ખોરાક વહેંચવો.

(C) બ્રાહ્મણ ને છેતરવા અને બકરી લેવા માટે (D) બ્રાહ્મણને ભય વિશે ચેતવણી આપવી.

(3) 'સત્યકામ' વાર્તામાં સત્યકામની માતા કોણ હતી ?

(A) ગાર્ગી (B) ગૌતમ (C) જબાલા (D) બ્રાહ્મણ

(4) અભ્યાસમાંથી ઘરે પરત ફર્યા પછી શ્વેતકેતુમાં કયું લક્ષણ જોવા મળ્યું ?

(A) નમ્રતા (B) ઘમંડ (C) રમતિયાળપણું (D) આળસ

(5) ચમત્કારિક ઘટનાના સાક્ષી બન્યા પછી રાજાએ શું નક્કી કર્યું ?

(A) તેણે છોકરાને પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો.

(B) તેણે લાકડા એકત્ર કરતી સ્ત્રીને અને છોકરાને દેશનિકાલ કર્યો.

(C) તેણે ઘટનાની અવગણના કરી અને શાસન ચાલુ રાખ્યું.

(D) તેણે છોકરાને જાદુગર જાહેર કર્યો અને તેને કેદ કરવાનો આદેશ આપ્યો.

(6) રાજાને કેવી રીતે ખબર પડી કે ઘોડાએ સ્નાન કરવાનો ઇનકાર કર્યો ?

(A) માવજત કરનારાઓએ રાજાને જાણ કરી. (B) ઘોડાએ રાજાને સંદેશો મોકલ્યો.

(C) મંત્રીએ ઘોડાની વર્તણૂક જોઈ અને રાજા તેની જાણ કરી.

(D) રાજાએ પોતે ઘોડાનું નિરીક્ષણ કર્યું.

Scanned with OKEN Scanner

(7) વૈદિક ગ્રંથો અનુસાર સત્યકામની યાત્રાનું અંતિમ લક્ષ્ય શું હતું ?

(A) સંપત્તિ અને સમૃદ્ધિ (B) ખ્યાતિ અને માન્યતા

(C) મુક્તિ અથવા મોક્ષ (D) શારીરિક શક્તિ અને આરોગ્ય

(8) ઉદ્દાલકાએ શ્વેતકેતુને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવા માટે શું સૂચવ્યું ?

(A) તેની તીર્થયાત્રા પર મોકલો (B) તેને લગ્ન કરવા પ્રોત્સાહિત કર્યો

(C) વિદ્વાન ગુરુના સાન્ધ્યિમાં અભ્યાસ કરો. (D) સખત શારિરીક વ્યાયામાં વ્યસ્ત રહો.

**પ્ર-1 (બ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(04)**

(1) સત્ય (3) અહિંસા

(2) સંતોષ (4) સ્વાધ્યાય

**પ્ર-2 (અ) સવિસ્તાર સમજાવો. (ગમે તે એક)** **(09)**

(1) ત્રણ ધુતારા અને બ્રાહ્મણ વાર્તાને પોતાની શબ્દોમાં વર્ણવો.

**(અથવા)**

(1) ગંદા સ્નાન પાણી' (ડર્ટી બાથ વોટર) વાર્તાનો કેન્દ્રવર્તી વિચારની ચર્ચા કરો.

**પ્ર-2 (બ) નીચેનામાંથી કોઇપણ બે સુભાષિયો સમજાવો.** **(06)**

(1) अयं निजः परो वैति गणना लघु चेतसाम् ।
अदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

(2) सत्यं बूयात् प्रियं बूयात्, न बूयात् सत्यम् अप्रियम् ।
प्रियं च नानृतम् बूयात्, एष धर्मः सनातनः ॥

(3) कः कालः कानि मित्राणि को देशः कौ व्यायागमौ ।
कस्याहं का च मे शक्ति – इति चिन्त्यं मुहुर्मुहु ॥

(4) नमन्ति फलिनो वृक्षाः नमन्ति गुणिनो जनाः ।
शुष्क काष्ठश्च मूर्खश्च न नमन्ति कदाचन् ॥

◈ ◈ ◈

Scanned with OKEN Scanner